
Vedlnk



# કાચબા નો ક

The turtle was little. The turtle was slow.
But his shell was strong and could take any blow.
So when you're faced with fear and storms come your way,
Be strong like a turtle and you'll be okay.

Vega

# શિવ ભગવાન અને કાચબો

એક દિવસ શિવ ભગવાન જંગલમાં બધા પ્રાણીઓને મળવા આવ્યા. શિવ ને ખુશ કરવા તેમને કાર્યક્રમ કરવાનો નક્કી કર્યો. શિવ ભગવાને આસન લીધું પછી દરેક પ્રાણી મંચ ઉપર પોતાની કુશળતા બતાવવા આવ્યા. સિંહ એવા બળથી ગર્જ્યો કે આસપાસ ના ઝાડ ધ્રુજવા લાગ્યા. વાનર કુનેહથી ઝાડની ડાળી પકડી ઝડપથી ઝૂલ્યો. હાથી ની લચકતી ચાલથી ધરતી ધ્રૂજવા લાગી. વિવિધ પ્રાણીઓના આવા પરાક્રમો જોવા છતાં શિવના ચહેરા ની રેખા બદલાઈ નહિ. તે નિર્વિકાર થઈ જાણે કાર્યક્રમ ન જોતા હોય!

છેવટે નાનો કાચબો મંચ ઉપર આવ્યો. તેને જોઈને બીજા બધા પ્રાણીઓ ઉપહાસથી હસી પડ્યાં, અને  કહેવા લાગ્યા, “આ નાનો કાચબો શું કરી શકવાનો છે? અહીં આપણી કુશળતા બતાવાની છે, તું શું મોઢું લઈને અહીં આવ્યો છે?” સિંહે છલાંગ મારી કાચબા ઉપર હુમલો કર્યો અને કહ્યું કે, “ચાલ નીચે ઉતર! તારી પાસે એવુ કઈ છે જ નહિ જે શિવને પ્રભાવિત કરે. પાછો જા!” કાચબાએ કશું ન કહેતા તેની પીઠના કવચમા પોતાના હાથ મોઢું અને પગને સંતાડી દીધા અને શાંતિથી મંચ ઉપર બેઠો. સિંહે ખૂબ પ્રયત્ન કર્યો પણ કાચબાની પીઠ ઉપર તેના હુમલાની કોઈ અસર ન થઈ. આ જોઈને શિવ હસી પડ્યા. અન્ય પ્રાણીઓ આશ્ચર્યચકિત થઇ વિચારવા લાગ્યા કે આ નાના કાચબા થી શિવ કેમ પ્રભાવિત થયા? શિવે સમજાવ્યું કે જ્યારે કાચબા પર હુમલો કરવામાં આવ્યો ત્યારે તેને કોઈ પ્રતિકાર ન કરતા ઇન્દ્રિય સંયમ કર્યો તેથી હું ખુશ થયો. ત્યારથી શિવ ભગવાનના મંદિરમાં હંમેશા કાચબો જોવા મળે છે.

**ઇન્દ્રિય સંયમ કરી, સ્થિતપ્રજ્ઞ બનાય**



# ખિસકોલી નો ખ


The squirrel is small and so are you,
But there are many big things that you will do.
You have little eyes that hold big dreams.
You have a little mouth that shouts great screams.
You have a little heart filled with lots of love.
You are a little person with a big God above.

Vedik

# રામ ભગવાન અને ખિસકોલી

રાવણ સીતાને ઉપાડી ગયો હતો ત્યારે સીતાને પાછી લાવવાની રામ તૈયારી કરતા હતા. સુગ્રીવની સેનાને ખબર પડી કે સીતા લંકામાં હતી. હનુમાન વાયુ વેગે લંકા પહોંચી સીતાને મળ્યા અને વાત કરી, "માં હું તમને ઉપાડીને રામ પાસે લઇ જાઉં." સીતાએ જવાબ આપતા કહ્યું કે મને વિશ્વાસ છે કે મારા રામ મને બચાવશે. હનુમાને આ સમાચાર રામને આપ્યા તેથી રામ લંકા જવા તૈયાર થયા, પણ સવાલ હતો કે સમુદ્રને કેવી રીતે પાર કરવો? ત્યારે સુગ્રીવ અને વાનરસેના તેમની મદદે આવ્યા. વાનરો ઉત્સાહથી પથ્થરનો પુલ બનાવવા સખત મહેનત કરી રહ્યા હતા જેથી રામની સેના સમુદ્ર પાર લંકા પહોંચી શકે.  એક દિવસ રામ સમુદ્ર કિનારે ચાલતા હતા ત્યારે તેમણે કેટલીક નાની ખિસકોલીઓને ભાગદોડ કરતા જોઈ. ખિસકોલીઓ તેમના કામમાં એટલી તો ડૂબેલી હતી કે તેમને રામ ભગવાન જુવે છે તે  ખબર પણ ન પડી! ખિસકોલીઓ  મુઠ્ઠીમાં માટી પકડીને પુલ તરફ જઈ રહી હતી. રામ તેમની પાછળ ગયા અને જોયું તો ખિસકોલીઓ પથ્થરની વચ્ચે માટી મૂકીને પુલનો સાંધો મજબૂત કરતા હતા. તાપના કારણે ખિસકોલીઓ ના કપાળે પરસેવો વહી રહ્યો હતો. પુલ બનાવતા કેટલાક વાંદરાઓએ ખિસકોલીઓને તેમના કામમાં મગ્ન જોઈને કહ્યું કે "તમે બધા નાના છો! તમે મદદ નહીં કરો તો તે પણ ચાલશે. તમે આરામ કરો. અમે પુલ બનાવી દઈશું." પરંતુ ખિસકોલીઓ લગનથી કામ કરતા જવાબ આપ્યો, " અમે નાના છીએ, પરંતુ અમે પણ અમારા થી થાય તેટલું કામ અવશ્ય કરીશું!" તેમનો પરિશ્રમ અને સમર્પણ જોઈ રામ પ્રશંસા કરતા ખુશ થયા.

**ખિસકોલીની જેમ નાના પ્રાણીઓ પણ ભગવાનના કાર્યમાં સહાયક બની શકે છે.**



# ગણપતિ નો ગ


Ganpati has big, big ears,
So he can hear all your fears.
His long, long trunk will hold you tight,
And help you fight when you feel fright.
So when you need a brand new start,
Go to him with your kind, kind heart.

Vedink

# કાર્તિકેય અને ગણપતિ

કાર્તિકેય ગણપતિના મોટા ભાઈ હતા. તે બળવાન હતા અને ઝડપી હતા.  એક દિવસ, બંને ભાઈ કેરી ખાવા માંગતા હતા. પરંતુ એક જ કેરી બાકી હતી અને બંને ભાઇને આખી કેરી જોઈતી હતી. આ સમસ્યાનો ઉકેલ માટે કાર્તિકેયે હરીફાઈનો સુઝાવ મુક્યો કે બંને માંથી જે આખી દૂનિયાની ત્રણ વખત પ્રદક્ષિણામાં પહેલો આવશે, તે જીતશે અને કેરી ખાઈ શકશે. બંને ભાઈયો સહમત થયા અને “એક, બે, ત્રણ” બોલીને હરીફાઈ શરુ કરી. કાર્તિકેય તો ઉતાવળે દોડવા મંડ્યા. તે એટલી ઝડપથી દોડી ગયા કે સેકંડમાં જ તે ગાયબ થઈ ગયા. ભારે શરીરને કારણે માંડ માંડ એક પગલું આગળ વધતા ગણપતિ જાણતા હતા કે તે સૌથી ઝડપી નથા, પરંતુ તે ઘણા હોંશિયાર હતા. તેમને બે ખુરશીઓ મૂકીને પોતાના માતાપિતા શિવ અને પાર્વતીને ખુરશીમાં બેસાડ્યા અને ત્રણ વાર પ્રદક્ષિણા કરી. બીજી બાજુ પોતાની પહેલી પ્રદક્ષિણા પુરી કરી કાર્તિકેય આવ્યા ત્યારે ગણપતિને આરામથી કેરી ખાતા જોયા. કાર્તિકેયને આશ્ચર્ય થયું! ગણપતિ કેવી રીતે સ્પર્ધા જીતી શક્યા? ગણપતિએ હસીને સમજાવ્યું. " આપણા માતાપિતા જ મારી દુનિયા છે. મેં તેમની ત્રણ વખત પરિક્રમા કરી અને હું જીતી ગયો!" આ રીતે, ગણપતિએ પ્રેમ અને ચતુરાઈ દ્વારા સ્પર્ધા જીતી!

**ગણપતિ તેમની ચતુરાઈ દ્વારા અને પોતાના માતાપિતા પ્રત્યેના ભાવ નુ પ્રદર્શન કરીને સફળ થયા.**



# ઘેટાં નો ઘ

You may think that you're a sheep.
You may think that you are meek.
But I know you are so much more.
So like a lion, let's hear you roar!

vedik

# સિંહના બાળક

એક વાર સિંહ નું બચ્ચુ મા બાપ થી દૂર થઈ ભૂલ્યું પડી ઘેટા ના ટોળાં મા અટવાયું. સદભાગ્યે, એક ઘેટાએ તેનું પોતાના દીકરા ની જેમ ધ્યાન રાખવા માંડ્યું. સિંહનું બચ્ચુ પોતાની ઓળખ ભૂલી, તે પણ ઘેટું જ છે એમ સમજીને મોટુ થયું. તે બીજા ઘેટાં સાથે ખેતરમાં રમતું અને ઘાસ ખાતું. તે ભૂલી ગયું કે પોતે સિંહ નું બાળક છે. એક દિવસ, બધા ઘેટા અને સિંહનું બચ્ચું પાણી પીવા તળાવ પાસે ગયા. તે બધા રમતા રમતા મઝા કરતા હતા ત્યાં અચાનક એક મોટી ગર્જના સાંભળી તે ડરી ગયા. તેમણે પાછા વળીને જોયું કે એક મોટો સિંહ તેમની તરફ દોડીને આવતો હતો. બધા ઘેટાં તરત જ ભાગી ગયા. સિંહનું બચ્ચુ પણ દોડવા માંડ્યું ત્યારે સિંહે તેને રોક્યો અને પૂછ્યું, "તુ મારાથી કેમ ભાગી રહ્યો છે?" બચ્ચાએ જવાબ આપ્યો, "કારણકે તમે સિંહ છો! મને જાન બચાવવા ભાગવું જ પડે ને? મારા ભાઈઓ પણ તેથી જ ભાગી ગયા." સિંહે હસીને કહ્યું, "તુ આવ મારી સાથે. હું તને કશુંક બતાવું." તે બચ્ચાને તળાવ પાસે લઇ ગયો અને કહ્યું, "તને પાણી માં શું દેખાય છે?" બચ્ચાએ પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું અને ડર થી તે બે પગલા પાછો વળ્યો. સિંહએ બચ્ચાને સમજાવ્યું, "તું પણ મારા જેવો સિંહ જ છે! તારે મારાથી ડરવાનું કારણ નથી! તુ રાજા બનવા માટે જન્મ્યો છે! માથું ઊંચું રાખીને ચાલ અને પોતાને ઓળખ!" ત્યાર થી બાળક સિંહ ગૌરવથી અને આત્મવિશ્વાસ સાથે મોટા સિંહની સાથે રહેવા લાગ્યો.

**ભૂલશો નહીં, તમે સિંહોના બાળક છો**



# ચંદ્ર નો ચ

In the middle of the night,
When you need a little light
Look above at my bright rays
That bring light from miles away.
So when it feels so very dark
Look up above and see my spark.

Vedink

# રામ અને ચંદ્ર

એક દિવસ બાળક રામ રાત્રે આંગણ માં રમતા હતા અને કૌશલ્યા માતા પ્રેમથી તેમને નિહાળતા હતા. રામ આકાશ તરફ ઉત્સુકતાથી જોતા અને સ્મિત કરતા હતા. કૌશલ્યાએ જોયું કે રામ આકાશ તરફ ઊંચા હાથ કરી કશુંક લેવાનો પ્રયત્ન કરતા હતા. માતા કૌશલ્યએ ઉપર જોયું તો એક ચમકતો ચંદ્ર દેખાયો. બાળરામ તેને પકડવાનો  પ્રયત્ન કરી  રહ્યા હતા! કૌશલ્યાએ રામ ને જુદા જુદા રમકડાં તરફ ધ્યાન પલટો કરવાનો પ્રયાસ કર્યો પણ બાળરામે ચંદ્રને પકડવાનો પ્રયત્ન છોડ્યો નહિ. અંતે માતા કૌશલ્યાએ એક યુક્તિ કરી. તેમણે એક થાળીમાં પાણી ભરી રામની બાજુ માં મુખી. બાળરામે થાળીમાં જોયું તો પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાયું! રામે ખુશ થઇ પાણીમાં હાથ નાખી પ્રતિબિંબ ચંદ્રને પકડી રમવા માંડ્યું. આમ માતા કૌશલ્યા પોતાના પુત્ર પ્રેમ માટે ચંદ્રને પૃથ્વી પર લાવવા સક્ષમ બન્યા!

**આત્મવિશ્વાસ અને પ્રેમ થી તમે ચંદ્રને પણ સ્પર્શ કરી શકો છો**

Vedink



# છત્રી નો છ

Like an umbrella keeps you dry,
I'll wipe your tears when you cry.
I'll hold you tight when you feel chilly,
And tickle you when you feel silly.
When you smile, I'll smile too.
Wherever you go, I'll watch over you.

Vedink

# છોકરી અને છત્રી

એક ગામમાં દુકાળ પડ્યો તેથી ગામના લોકો ખૂબ હેરાન થયા અને ભૂખે મરવા લાગ્યા. નજીકમાં વહેતી નદી પણ સુકાઇ ગઇ અને પાણીના અભાવે ઝાડ અને છોડ મરવા લાગ્યા. એક સંતે કહ્યું કે આપણે સાથે મળીને પ્રભુને વિનંતી કરીશું તો પ્રભુ જરૂર આપણને મદદ કરશે. ગામલોકોએ પ્રાર્થના કરવા માટે મળવાનું નક્કી કર્યું. એક પછી એક બધા લોકો આવ્યા અને પ્રાર્થના શરૂ કરી. ત્રણેક કલાક પ્રાર્થના ચાલી પણ વરસાદ ન પડ્યો. બધા નિરાશ થઇ કહે કે ભગવાન આપણી પ્રાર્થના કેમ સંભાળતા નથી? ત્યાં એક નાની છોકરી છત્રી લઈને દોડતી દોડતી આવી. તેને બધાને પૂછ્યું, "આપણે બધા વરસાદ માટે પ્રાર્થના કરવા ભેગા થયા છીએ, તો આપણને વિશ્વાસ હોવો જ જોઇએ કે વરસાદ પડશે! તમારી બધાની છત્રી ક્યાં છે? મને છત્રી શોધવામાં વાર લાગી તેથી હું મોડી પડી." આમ કહી તે

છોકરી બધા સાથે પ્રાર્થનામાં જોડાઇ. ત્યાં એક પાણીનું ટીપું એના ગાલ પર પડ્યું. આ જોઈને બધા લોકો પોતાની ભૂલ સમજ્યા અને પોતાની છત્રી લેવા ઘરે ગયા.

**પૂરો પ્રયત્ન કરો પછી તમારી પ્રાર્થનામાં વિશ્વાસ રાખો**




# જામ્બવાન નો જ

When Hanuman was blind and forgot his own might,
Jambuvan reminded him and gave him back sight.
You, too, will have moments when you think you are weak.
But if you go to God you will find what you seek.
Because you are kind, smart, strong and much, much more.
And with God by your side you will never be poor.

# હનુમાન અને જામ્બવાન

સીતાહરણ ના કારણે રામ ખૂબ દુઃખી હતા. સુગ્રીવની વાનરસેનાને જાસૂસ પાસેથી જાણવા મળ્યું કે સીતાને રાવણ દ્વારા લંકામાં કેદ કરવામાં આવી છે. પરંતુ લંકા સમુદ્ર પાર કરીને જવું પડે અને તે જમાના મા વહાણ તો હતા નહિ! રાવણ સાથે યુદ્ધ કરતા પહેલા લંકા જઈ સીતાની માહિતી પાકી કરવાની જરૂર હતી. બધા વાનરોએ નક્કી કર્યું કે આપણા માંથી જે સૌથી લાંબો કૂદકો મારે, તે સીતાને શોધવા લંકા જસે. યુવરાજ અંગદે પહેલો પ્રયત્ન કર્યો પણ તેનો કૂદકો જરાક ટૂંકો પડ્યો. એક પછી એક, બધા વાંદરાએ પ્રયાસ કર્યો પણ કોઈ સફળ ના થયું. હનુમાન ચુપચાપ જોઈ રહ્યા હતા. બધા ચિંતામાં પડ્યા કે હવે કેવી રીતે સીતાની માહિતી પાકી કરાશે? ત્યારે જામ્બવાન મદદે આવ્યા. તે હનુમાન પાસે ગયા અને હનુમાનને કહ્યું, “તમે વાયુ ના દીકરા છો. તમારી અંદર ખૂબ શક્તિ છે. માત્ર તમને તમારી શક્તિ ની વિસ્મૃતિ થઇ છે. તમે ધારો તો સરળતાથી કૂદકો મારી ને લંકા પહોંચી શકો છો. નાનપણમાં પણ એકવાર તમે કૂદકો મારી ને છેક સૂર્ય સુધી પહોંચીને તેને ફળની જેમ ખાવાનો પ્રયત્ન કરેલો.” આ સાંભળીને હનુમાન આત્મવિશ્વાસથી ઉભા થયા અને સહજતાથી સહુ થી લાંબો કૂદકો મારી શક્યા. પાછા આવીને નમ્રતાથી જામ્બવાનને નમસ્કાર કર્યાં અને કહ્યું, “મને મારી શક્તિની યાદ અપાવવા બદલ આભાર. હું અવશ્ય સીતાની માહિતીની ખાતરી કરવા લંકા જઈશ અને ભગવાન રામના કાર્યમાં સાધન બનીશ.” હનુમાન રામને નમસ્કાર કરી પોતાની યાત્રા માટેની તૈયારી કરવામાં લાગી ગયા.

**સાચો મિત્ર કોણ? જે આપણી શક્તિની યાદ અપાવે તે**



# ઝાડ નો ઝ

Trees give us shade and so much more,
Fruit to fill tummies and wood to build doors.
Just like a tree, be a giver.
Keep your love flowing like an endless river.
Because through giving you shall receive.
In helping others you shall achieve.


Veenk

# માણસ અને ઝાડ

ઉનાળામાં એક મુસાફર એકલો રણ થી પસાર થઈ રહ્યો હતો. તે ભૂખ્યો, તરસ્યો અને ગરમીથી થાકેલો હતો. સદભાગ્યે થોડી દૂર તેને એક ઝાડ દેખાયું. ખુશ થતો તે ઝાડ પાસે પહોંચ્યો અને ઝાડના છાયડામાં આરામ કરતા તેની આંખ મળી ગઈ. ઊંઘમાંથી ઉઠીને તેણે વિચાર્યું કે, “કાશ! મને પીવા માટે ઠંડુ પાણી મળે!” અને અચાનક તેની સામે ઠંડા પાણીનો મોટો પ્યાલો આવ્યો. તેને આશ્ચર્ય થયું! તેણે ઝડપથી પાણી પીધું. પછી વિચાર્યું, "મને ભૂખ લાગી છે, જો સરસ મજાનો શીરો મળે તો મઝા પડી જાય!” ત્યાંજ ગરમ શીરાનો વાડકો તેની સામે આવ્યો! તે બહુ ખુશ  થયો. હવે તેણે સુવા માટે પલંગની ઈચ્છા કરી અને તરત જ ખાટલો દેખાયો. પછી તેણે વિચાર્યું, “અત્યારે હું ખૂબ સુખી છું, પણ જો અચાનક ભૂખ્યો સિંહ આવે તો મને ચોક્કસ ખાઈ લે!” ત્યાંજ એક મોટો સિંહ સામે આવ્યો અને માણસને હડપી ગયો. હવે આપણે પણ વિચારવું જોઈએ કે આપણે શેખચલ્લી જેવા વિચાર તો નથી કરતા ને? સંભવત: ક્યારેક આપણે જે માંગીયે તે ભગવાન આપે પણ ખરા!

**તમે જે ઇચ્છા કરો તે વિવેક થી કરો,**
**કારણ કે ભગવાન કદાચ તે ઈચ્છા પુરી પણ કરે**

Vedik



# ટચલી આંગળી નો ટ

If there's a mountain in your way,
Then all you have to do is pray.
With your 10 big fingers plus God's little one,
Any obstacle will come undone.

Veqink

# ગોવર્ધન પૂજા

ગોકુલવાસીઓ દેવોથી ડરતા, તેથી ઇન્દ્રપૂજા માટે તૈયારી કરતા હતા. પૂજાની તૈયારી ના કારણે, તેમને ખેતરના પાક અને પશુઓની સંભાળ લેવાનો પણ સમય ન મળતો. બાળકૃષ્ણને લાગ્યું કે આ ખોટું છે. પૂજા ડરથી નહિ, પણ ભાવથી કરવાની હોય. કૃષ્ણ નાના હતા પણ સમજદાર હતા. તેમણે બધાને ભેગા કર્યા અને સમજાવ્યું કે, "ગોકુલના લોકો ખેડુત અને ગોપાલક છે, તેથી તેમનો નિજ ધર્મ પશુ અને પાકને સંભાળવાનો છે. સ્થાનિક ગોવર્ધન પર્વત પવિત્ર છે કારણ કે તે ગામના લોકોને કેટલું બધું ના માંગતા આપે છે! ફળ, ફૂલ, ઝાડ, પાણી, બધું આ પર્વતના કારણે મળે છે. તેથી આપણે ગોવર્ધનનું જ પૂજન કરવું જોઈએ." નાનપણમાં પણ, તેમની પાસે લોકોની માન્યતા બદલવાની કુશળતા હતી! ગોકુલના લોકો કૃષ્ણની કોઠાસૂઝની વાત માની ગયા અને ગોવર્ધનનું પૂજન કરવાની તૈયારી કરવા લાગ્યા. ઇન્દ્ર આ જોઈને ગુસ્સે થયા. તેમણે એક મોટું તોફાન મોકલ્યું જેનાથી આખું ગામ વાવાઝોડું અને વરસાદથી હેરાન પરેશાન થઇ ગયું. યમુના બે તીરે થઈ અને પૂર આવવાથી લોકો ભયભીત થઈ કૃષ્ણ પાસે સલાહ માંગવા ગયા. કૃષ્ણે બધાને આશ્વાસન આપ્યું અને ગામને બચાવવા ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ઉપાડ્યું અને બધાને તેની નીચે આશ્રય આપ્યો. પર્વત ઉંચકવા માટે ગામના લોકો પણ પોતાની લાકડીથી કૃષ્ણને ટેકો આપવા લાગ્યા. ગામલોકોનું કર્તૃત્વ અને એકતા જોઈ આખરે ઇન્દ્રને તેમની ભૂલનો અહેસાસ થયો અને લોકોને અમસ્તા હેરાન કરવાનો પ્રયાસ તેમણે બંધ કર્યો.

**અનુયાયી ન બનો, નેતા બનો**



# ઠળિયા નો ઠ


The seed may seem a little thing
But, just you wait, because come Spring
From its head will sprout some leaves,
And soon those leaves will form a tree.
And on that tree will grow some flowers,
Because, though it's small, the seed holds power-
The power to change and the power to grow.
And though you're small, I hope you know—
Like a small seed, you have power too.
So let's see the big things you can do!

# બ્રાહ્મણ અને ત્રણ ઠગ

એક બ્રાહ્મણ બકરીને લઈ બજાર તરફ જતો હતો. આ જોઈ વનમાં છુપાયેલા ત્રણ ઠગોએ બ્રાહ્મણને છેતરવાનું નક્કી કર્યું. પહેલો ઠગ રસ્તા ઉપર આવીને બ્રાહ્મણને કહે, "નમસ્કાર મહોદય! તમે આ જાડા કુતરાને લઈને ક્યાં જાઓ છો?" બ્રાહ્મણે ગુસ્સાથી કહ્યું, "તમારી પાસે આંખો નથી? આ તો બકરી છે!" આમ કહીને તે આગળ ચાલ્યો. ત્યાં બીજો ઠગ આવ્યો અને પૂછ્યું, "નમસ્કાર મહારાજ! તમે કેમ આ ભૂંડ ને લઈને ચાલો છો?" બ્રાહ્મણના મનમાં હવે થોડી શંકા આવી, પણ હિચકિચાટથી તેને જવાબ આપ્યો, "આ તો બકરી છે" અને આગળ ચાલ્યો. આખરે ત્રીજો ઠગ આવ્યો અને બ્રાહ્મણને કહે, "અરે બ્રાહ્મણ થઇ તમે કેમ આ ગધેડાને લઈને ચાલો છો? બધા તમારા ઉપર હસશે!" હવે બ્રાહ્મણ સાચે જ શંકાસ્પદ બન્યો અને વિચારવા લાગ્યો કે આ ત્રણેય માણસો ખોટા ના હોય. આમ વિચારીને તે બકરીને રસ્તા ઉપર છોડીને ઘર તરફ ભાગ્યો. અને ત્રણે ઠગ હસીને, ભેગા મળીને, બકરીને પકડી ખુશ થતા બજાર તરફ ચાલ્યા.

**લોકો શું કહે છે તેની ચિંતા ના કરતા, પોતાની જાત પર વિશ્વાસ રાખો**

Vedlink



# ડમરા નો ડ


Bada dada dada dam dam—
March to the beat of your very own drum.
Tada tada tadoo doo doo—
Because there is no dance you can't do!

Vedik

# શિવનું ડમરુ

એકવાર ઇન્દ્રદેવ ગામલોકો ઉપર નજીવા કારણસર ગુસ્સે થયા અને તેમણે નક્કી કર્યું કે આ ગામમાં બાર વર્ષ વરસાદ નહિ પાડે. તેથી ગામમાં ભારે દુકાળ પડ્યો. ગામના લોકો પોતાની ભૂલ કબૂલીને ઇન્દ્રને વિનંતી કરવા ગયા કે તમે વરસાદ મોકલો. અહીં ઇન્દ્રદેવને પોતાના બળની મસ્તી ચડેલી તેથી ગામલોકોને કહ્યું કે,"મારાથી હવે  કાંઈ ના થાય પણ જો શંકર ભગવાન ડમરુ વગાડશે તો વરસાદ વહેલો આવશે." જો કે છલ કરીને ઇન્દ્રે શિવ ભગવાન સાથે અગાઉથી કરાર કરેલો કે તે બાર વર્ષ માટે ડમરુ નહિ વગાડે! ગામલોકોએ હવે આદ્રતાથી શિવ ભગવાનને પ્રાર્થના કરી ત્યારે શિવ ભગવાને જવાબ આપ્યો, "બાર વરસ સુધી હું કશું જ ના કરી શકું કારણકે મેં ઇન્દ્રને વચન આપ્યું છે." મહિનાઓ પસાર થયા અને ગામના લોકોએ વરસાદના અભાવે પોતાના ખેતર ખેડવાના બંધ કર્યાં. અહીં એક જ પરિવાર એવો હતો જે હજી પણ પોતાનું ખેતર નિયમિતતાથી ખેડતું હતું, જેથી વરસાદ પડે તો તેમનું ખેતર તૈયાર હોય. પાર્વતીમાતા આ કુટુંબની મહેનત ફોકટ જતી જોઈ દુઃખી થયા અને તેમને દયા આવી. પાર્વતીએ શિવને વિનંતી કરી કે તમે ડમરુ વગાડો પણ શિવ ભગવાને કહ્યું કે, "મેં ઇન્દ્રને બાર વર્ષ સુધી ડમરુ ન વગાડવાનું વચન આપ્યું છે." પાર્વતીમાતાએ યુક્તિથી શિવ ભગવાનને  કહ્યું, "આ કુટુંબ રોજ ખેતર ખેડે છે જેથી તે હળ ચલાવવાનું ભૂલી જાય નહિ.  તમે આટલા વર્ષ થી ડમરુ વગાડ્યું નથી તો તમે પણ ડમરુ વગાડવાનું ભૂલી જશો તો?" શિવ ભગવાને જવાબ આપ્યો, "હું તો નહિ ભૂલું!" પાર્વતીએ કહ્યું, "એમ? તો મને એક વાર ડમરુ વગાડી ને બતાવો તો માનું." શિવે ડમરુ હલાવી ને કીધું, "તું સાંભળ! મને હજુ એટલું જ સરસ વગાડતા આવડે છે!" અને ડમરુ વગાડ્યું. ડમરાનો આવાજ થતાં જ ગામમાં વરસાદ પડ્યો!

**સાતત્યતા થી કામ કરો તો ઈશ્વર પણ પીગળે**




# ઢોંગી નો ઢ


We all have masks that we choose to wear.
Some we keep hidden and some we share.
Just know that I see all of you-
The good, the bad, the bright, the blue.
And no matter what you choose to do,
I chose to love each part of you.

# કાગડો અને મોર

એક કાગડો પોતાના રંગ રૂપ થી દુઃખી હતો. તે બાજુમાં વસતા રંગબેરંગી મોર ને જોઈને ઈચ્છતો હતો કે તે પણ મોર જેવો સુંદર બને. એક દિવસ તે ઘર તરફ જતો હતો ત્યાં મોર ના ખરેલા પીંછા મળ્યા. કાગડાએ ખુશ થઇ પીંછા લઈને માથે અને શરીરે ચોંટાડયા અને ઢોંગ કરીને મોર બની રહેવા માંડ્યું. એક દિવસ અચાનક વરસાદ પડ્યો અને પાણીમાં પાળવાથી બધા પીંછા પડી ગયા. મોરે જોયું કે આ તો ઢોંગી છે! મોરે કાગડા ને પૂછ્યું, “તેં  આવો ઢોંગ કેમ કર્યો?” કાગડાએ શરમથી માથું નમાવીને કહ્યું, “મને તમારી જેમ સુંદર બનવું હતું, તેથી પીંછા ચોંટાડીને હું મોર બનવા નો ઢોંગ કરતો હતો. મને માફ કરો.” મોરે હસીને કહ્યું, “તમે સાચી વાત કહી કે મારા પીંછા ખૂબ સુંદર છે પણ મારાથી દૂર સુધી ઉડી શકાતું નથી કારણ કે મારા પીંછા નબળા છે. તું ભાગ્યશાળી છે કે તું દૂર સુધી ઉડીને ભગવાનનું આખું વિશાળ વિશ્વ જોઈ શકે છે. જે મળ્યું તેમાં જ સંતોષ માનવો, તો જ તું સુખી રહેશે.” કાગડો સમજી ગયો અને મોર ના પીંછા ત્યાં મૂકી આકાશમાં ઉડવા લાગ્યો.

Vedantu

**ભાગ્ય માં હોય તેમાં સંતોષ રાખવો**



# બાણ નો ણ


Look at your target - 1, 2, 3
Then draw your bow and slowly breath.
Hold your breath - 4, 5, 6
Release the arrow and let it stick.
When you face trouble - 7, 8, 9
Be strong like Arjun, oh child of mine!

Vedink

# અર્જુનનો અભ્યાસ

એક વાર આચાર્ય દ્રોણ રાત્રે તારા જોતા, નીરવ શાંતિ માણી રહ્યા હતા; ત્યાં અચાનક સરરરર એવો બાણ નો અવાજ સાંભળ્યો. આચાર્ય વિચારમાં પડ્યા કે આટલા અંધારા મા કોણ બાણ છોડે છે? આકાશમાં અમાસ હોવાથી ચંદ્રનો પ્રકાશ પણ નથી. આચાર્ય એ પૂછ્યું, “કોણ છે?” પાછો જવાબ આવ્યો, “ઋષિ, હું છું, અર્જુન!” અને પછી અર્જુન દ્રોણાચાર્યને નમસ્કાર કરવા નજીક આવ્યો. ગુરુ દ્રોણે આશ્ચર્યથી પૂછ્યું, “આટલા અંધારામાં કેમ બાણવિદ્યા અજમાવી રહયો છે?” તો અર્જુને જવાબ આપ્યો કે “આજે સાંજે ભીમ દિવાના પ્રકાશમાં ભોજન કરતો હતો. આચાનક હવાના કારણે દીવો બુઝાઈ ગયો, તો પણ ભીમ અંધારામાં ખાતો રહ્યો જાણે કાંઈ ના થયું હોય. મને લાગ્યું કે જો ભીમ અંધારામાં જમી શકે, તો હું પણ અંધારામાં ધનુષ્ય સંધાન કેમ ના કરી શકું?” દ્રોણાચાર્ય હસીને કહ્યું, “અર્જુન તારો આ ઉત્સાહ અને મહેનત મને દંગ કરે છે! પ્રભુ ચોક્કસ તારી મહેનતનું ફળ આપશે.”

**પૂર્ણતા પામવા અભ્યાસ જરૂરી છે**




# તારા માછલી નો ત

The starfish has 5 hands; 3 more than you or I.
One to wave hello and one to wave goodbye.
One to touch the sky and one to touch the sea.
And one to give a great big hug to both you and me!

# તારા માછલી

એક વાર એક વૃધ્ધ માણસ દરિયા કિનારે ચાલતો હતો. તેને જોયું કે હજારોની સંખ્યામાં તારા માછલી ભરતીમાં દરિયા કિનારે ફેંકાઈને, હવે ઓટ આવતા રેતી માં ફસાઈ ગઈ હતી.સવારે  ચાલવા ગયેલા વૃધ્ધે જોયું કે એક છોકરો રેતીમાંથી કશુંક ઉપાડીને પાણીમાં ફેંકતો હતો. વૃધ્ધ માણસે જિજ્ઞાસાથી છોકરાને પૂછ્યું, "બેટા, શું કરો છો?" છોકરા એ જવાબ આપ્યો, "હું આ તારા માછલી પાછી પાણીમાં ફેકુ છું જેથી તે મરી ના જાય." વૃધ્ધ માણસે હસીને કહ્યું, "શા માટે તારો સમય બરબાદ કરે છે? કારણ કે અહીં હજારો માછલી કિનારે પડી છે તેમાંથી તું એકને દરિયામાં ફેંકીશ, તો કોઈ ફરક નથી પડવાનો." છોકરાએ નીચે નમીને તારા માછલી ઉપાડી પાણીમાં ફેંકી અને પછી આદરથી જવાબ આપ્યો કે, "આ માછલી ને ચોક્કસ ફરક પડ્યો."

**સમજી ને કરેલ દરેક કૃત્ય નું મહત્વ છે**



# થોમસ એડિસન નો થ


He had an idea to erase the night.
To destroy darkness and bring light.
He tried one time then two, three, four-
Tried a thousand times and then once more.
Till finally he struck a spark,
And brought a lightbulb to the dark.
So when you fail and feel like crying,
Think of Tom and just keep trying.

Vedlink

# થોમસ એડિસન

થોમસ એડિસન મોટા વૈજ્ઞાનિક હતા. એક દિવસ પ્રયોગશાળામાં મોડા સુધી કામ કર્યા બાદ હજુ ઘરે પહોંચ્યા કે ખબર મળી કે તે મકાનમાં આગ લાગી છે. તરત તે પાછા વળ્યાં અને નજીક પહોંચતા જોયું કે તેમના પ્રયોગશાળાનું મકાન ભડકે બળતું હતું અને આખી દસ માળની ઇમારત આગમાં રાખ થઇ રહી હતી.આ જોઈને થોમસના છોકરા ને આઘાત લાગ્યો. વર્ષોની મહેનત પર પાણી ફરી વળ્યું હતું.પણ થોમસ તેની પાસે આવીને શાંતિથી કહ્યું, “તારી મમ્મી અને તારા મિત્રોને બોલાવ, આવા મોટા આગના ગોળાને જોવાની તક ફરી નહિ મળે!” દીકરાએ આશ્ચર્યથી પૂછ્યું, “પણ અહીં તો તમારા આખા જીવનનું કામ ભડકે બળી રહ્યું છે!” થોમસે જવાબ આપ્યો, “સારું થયું! મારી વર્ષોની ભૂલો પણ તેની સાથે બળી ગઈ! હવે નવેસરથી પ્રયોગો ચાલુ કરાશે. હજુ તો હું માત્ર સાહીઠ વર્ષનો જ છું, હું આવતી કાલે ફરીથી આ બધું શરૂ કરીશ.” અને બીજા દિવસથી ફરી તેમને હળવા થઇ નવા પ્રયોગો ચાલુ કર્યા.

**વિધાયક દૃષ્ટિકોણ રાખો**



# દડા નો દ


Just like a ball jump up and down,
Touch the sky and touch the ground.
Roll over here and roll over there,
Bounce on the ground and bounce on the chair.

Vedik

# કૃષ્ણ અને કાલીયા નાગ

એક દિવસ, યમુના કિનારે, બાળ કૃષ્ણ એમના મિત્રો જોડે દડો રમતા હતા. દડો ભૂલ થી યમુના નદીમાં પડી ગયો. આ યમુના નદીમાં કાલીયાનાગ તેમના કુટુંબ સાથે રહેતા હતા અને પોતાનું ઝેર પાણીમાં ઓકતા હતા, તેથી યમુનાનું પવિત્ર પાણી ઝેરી બની ગયું હતું. બધા કાલીયાનાગથી ડરતા, તેથી કોઈ તેમને કહી શકતું નહિ કે આવું પ્રદૂષણ ના કરાય! કૃષ્ણ વીર અને સ્પષ્ટ વક્તા હતા અને સાચી વાત કહેવામાં વળી શાનો ડર? દડો પાણીમાં ગબડવાથી બીજા છોકરાઓ યમુના કિનારે ઉભા રહી વિચાર કરતા હતા કે હવે શું કરીશું?! ત્યાંજ ધબકો સંભળાયો અને જોયું તો કૃષ્ણ બહાદુરીથી ડૂબકી મારી યમુનાના કાળા પાણીમાં અદ્રશ્ય થઇ ગયા. શ્વાસ રોકીને તે કાલીયા નાગના રાજ્યમાં ઝડપ થી પહોંચ્યા અને કાલીયાનાગ ને કહ્યું, “તમે અહીં થી બીજે ચાલ્યા જાઓ. અહીં નાના બાળકો રમે છે.” કાલીયાનાગ આ સાંભળીને હસ્યા અને કહ્યું કે, “તું તો નાનું બાળક છો અને હું ઘણો મોટો અને બળવાન છુ, તું જ અહીં થી ચાલ્યો જા!” કૃષ્ણએ કાલીયાનાગને સમજાવા  ખૂબ પ્રયત્ન કર્યો કે આ બાળકો નુ રમવાનું સ્થળ છે પણ કાલીયાનાગે અહંકારથી ફુંકારો કરી કૃષ્ણ ને લલકાર્યા. કૃષ્ણએ આત્મવિશ્વાષથી અને બહાદુરીથી નાગને હરાવ્યો. બીજી બાજુ કૃષ્ણ નદીમાં કુદયા ના સમાચાર સાંભળીને યમુના નદીને કિનારે બધા ગોકુલગામના લોકો તેમનું કામ છોડીને, દોડતા આવ્યા અને શું કરવું તે વિચારતા હતા; ત્યાં કૃષ્ણ કાલીયાનાગના ફેણ પર નાચતા-નાચતા બહાર આવ્યા. કૃષ્ણના કહેવાથી કાલીયાનાગ પરિવાર સાથે યમુના છોડી સમુદ્રમાં રહેવા ચાલ્યા ગયા અને ત્યારથી ગામના છોકરાઓ ભેગા મળી ડર્યા વગર, નદી કિનારે રમત રમી શકતા.

**શક્તિ બીજા ને ત્રાસ આપવા ના વપરાય!**



# ધ્રુવ નો ધ


When Dhruv was lost and all alone,
He went in search of a bright new home.
He searched near and he searched far,
Until he reached a land of stars.
Now he sits on the lap of God,
He sits tall and he sits proud.
So when you feel alone, deep in the night,
Look above and see Dhruv's light.

Vedlink

# ધ્રુવ

રાજા ઉત્તાનપાદને બે રાણી હતી, સુનીતિ અને સુરુચિ. તેના બે પુત્ર હતા, સુરુચિ નો પુત્ર ઉત્તમ અને સુનીતી નો પુત્ર ધ્રુવ. એક દિવસ ધ્રુવ રાજાના ખોળામાં બેસીને રમતો હતો. સુરુચિને આ ન ગમ્યું તેથી ધ્રુવને ખોળામાંથી ઉતારી સુરુચિ ધ્રુવને કહે કે, "રાજા ના ખોળામાં બેસવું હોય તો મારા ખોળે જન્મ લેવો પડે." ધ્રુવ રડતો રડતો તેના માતા સુનીતિની પાસે ગયો. સુનીતિએ ધ્રુવને સમજાવ્યું કે, "રાજા ઉત્તાનપાદ તેના જન્મદાતા પિતા છે, પણ જગતપિતા ભગવાન પણ તેના જ જન્મદાતા છે." ધ્રુવે આ સાંભળીને નક્કી કર્યું કે તે ભગવાન ના ખોળામાં બેસશે, અને ભગવાનને પ્રસન્ન કરવા તે વનમાં તપ કરવા ગયો. તે રોજ સવારે નદીમાં સ્નાન કરીને પ્રાર્થના કરતો. પછી બધા પાસે જઈને ભગવાન ના પ્રેમ વિશે સમજાવતો. આવું કરતા કરતા ઘણા વર્ષો વીત્યા. આખરે ભગવાન ખુશ થયા અને ધ્રુવ ને મળવા આવ્યા. ભગવાને કહ્યું, "ધ્રુવ, તું જ મારો સાચો પુત્ર છે અને મારે ખોળે બેસવા માટે હક્કદાર છે." આજે પણ રાત્રે આકાશમાં સહુથી ચમકતા તારા ને આપણે ધ્રુવનો તારો કહીએ છે.

**ભગવાન નું કામ તે જ તપ**



# નાતાલ નો ન

Santa Claus says, "ho, ho ho!
There's one thing you should know know know.
Christmas is about more than just reindeer.
It's a time for joy, and love and cheer.
So on Christmas day I hope you'll be
As strong and proud as Christmas trees.
Like Christmas lights shine loud and bright,
And give lots of cuddles on snowy nights!"

Vearn

# નાતાલની ભેટ

એક ખ્રિસ્તી દંપતી ગરીબ હતા, પણ એકબીજા ઉપર ખૂબ સ્નેહ રાખતા. એકબીજા ના સથવારે થોડા માં પણ ખુશ રહેતા. નાતાલ નો ઉત્સવ વખતે રિવાજ મુજબ પત્નીને તેના પતિને ભેટ આપવી હતી પણ તેની પાસે પૈસા ન હતા. મૂડીમાં ભગવાને આપેલ દિલેર દિલ અને લાંબા અને સુંદર વાળ હતા. વાળ તે ગર્વથી ખુલ્લા રાખી ફરતી. તેના વાળનું સૌંદર્ય બધાને મોહિત કરતું. પત્નીને યાદ આવ્યું કે તેના પતિને જાગીર માં મળેલ ઘડિયાળનો પટ્ટો તૂટી ગયો હોવાથી તે પહેરી શકતા નથી. ખૂબ વિચારી પત્નીએ વાળ વેચી પતિ માટે ઘડિયાળ નો નવો પટ્ટો ખરીદવાનું નક્કી કર્યું. બીજી બાજુ પતિને પણ પત્ની માટે કંઈક લેવું હતું, પણ પતિ પાસે પણ મૂડીમાં માત્ર બાપની આપેલ ઘડિયાળ જ હતી જે તેને ખૂબ ગમતી. પતિ પોતાની પ્રિય ઘડિયાળ વેચી પત્ની માટે સુંદર બકલ લઇ આવ્યો. નાતાલના દિવસે બન્નેએ એક બીજા ને ભેટ આપી. ભેટ જોઈ બન્ને હસવા લાગ્યા! કારણ કે પતિ પાસે નવો પટ્ટો લગાવવા ઘડિયાળ ન હતું અને પત્ની પાસે બકલ વાપરવા માટે લાંબા વાળ ન હતા. આ નાતાલે તેમને યાદ કરાવ્યું કે તેમનો પ્રેમ એ જ સૌથી કિંમતી ભેટ છે!

Vedink

**જીવન માં પ્રેમનું જ મહત્વ છે**



# પુષ્પદંત નો પ


If you want to be great
Like Pushpadant then mediate!
Breath in until your stomach's small.
Breath out till it's round just like a ball.
Breath in, breath out, breath in, breath out.
Breath in good thoughts, breath bad thoughts out.
Open your mind and close your eyes.
Drop your stress and rise, rise, rise.

VEDIK

# પુષ્પદંત

પુષ્પદંત એક મહાન કવિ હતા. તેમને મહિમ્નસ્તોત્ર નામનું કાવ્ય લખ્યું, જેમાં પોતે શિવ ભગવાન નો ગુનો કરેલો તેનું વર્ણન છે. બધાને તે કાવ્ય ખૂબ ગમ્યું, શિવ ભગવાને પણ પુષ્પદંત ના વખાણ કર્યા! પુષ્પદંત આ વખાણ પચાવી ન શક્યા. તેમને અભિમાન થયું કે પોતે દુનિયાના સૌથી સારા કવિ છે! આ જોઈને શિવ ભગવાને પુષ્પદંતને કહ્યું, “પુષ્પદંત, તને ખબર હશે કે મારા મંદિરમાં નંદી છે. તું નંદીનું મોઢું તપાસી શકે?” પુષ્પદંત મૂંઝાયા પણ ઇષ્ટદેવે આજ્ઞા કરી છે તેથી તે નંદી પાસે ગયા અને નંદીના મોઢાની અંદર જોયું. જોઈને તે આશ્ચર્યચકિત થઇ ગયા! નંદીના દાંત ઉપર પુષ્પદંતે લખેલી કવિતા હતી! હવે પુષ્પદંતને સમજાયું કે  પોતે આ કાવ્ય લખ્યું પણ તેની પાછળ ભગવાનની શક્તિ અને પ્રેમ છે. સાચો લેખક તો ભગવાન છે, તે માત્ર નિમિત્ત હતો.

**આપણે ભગવાનનાં સાધન છીએ**



# ફૂલ નો ફ


You could be a rose and share your beauty with us all.
Or you could be a sunflower, growing strong and tall.
You could be a daisy flying wherever the wind leads.
Or you could be a lotus, growing bright among the weeds.
Whichever flower you chose to be, wherever you choose to go,
I will always be right there, helping you to grow.

# કાણા વળી ડોલ

એક યુવતી બે ડોલ લઈને દરરોજ કૂવામાં પાણી લેવા જતી. એક ડોલમાં કાણું હતું તેથી ઘરે પહોંચતા સુધીમાં તે ડોલ ખાલી થઇ જતી. તેની નાની બેન રોજ આ જોતી. એક દિવસ તેણે પૂછ્યું, “મોટી બેન, તમે રોજ કેમ આ નકામી કાણાવાળી ડોલ લઇ જાઓ છો?” યુવતીએ તેની નાની બેન ને કહ્યું, “મારી જોડે ચાલ તો રહસ્ય આપમેળે સમજાઈ જશે.” બન્ને બેનો સાથે ચાલી નીકળ્યા. નાની બેને જોયું કે રસ્તા ઉપર સુંદર ફૂલ ઉગેલા હતા. નાનીબેન કહે, “આ તો ખૂબ સુંદર રસ્તો થઇ ગયો. આવી સરસ માવજત કોણ કરે છે?” મોટી બેન સમજાવ્યું, “આ ફૂલ રસ્તામાં ઉગ્યા છે કારણકે કાણું હોવાથી પેલી ‘નકામી ’ડોલ માંથી પાણી ટપક્યા કરે જેનાથી બીજ ફૂટીને છોડ થયા અને હવે ફૂલ ઉગ્યા!”

Vedink

**કેટલીક ચીજોનું મૂલ્ય નક્કી કરવું મુશ્કેલ છે**




# બતક નો બ

The momma duck says, "quack, quack, quack"
To call her baby ducks back back back.
She hugs them in her wings wings wings,
And holds them while she sings sings sings,
"I love you more than anything!"

# બતક અને હંસ

એક તળાવમાં બતક દંપતી રહેતું હતું. મમ્મી બતક પાસે પાંચ ઈંડા હતા. તે સવાર સાંજ તેમની સંભાળ રાખતા અને બચ્ચા ઈંડુ તોડી ને કયારે બહાર આવે તેની રાહ જોતા. પાંચમાંથી એક ઈંડુ બીજા કરતાં થોડું મોટું હતું. આખરે ઈંડામાંથી બચ્ચાઓએ બહાર નીકળવાનું શરૂ કર્યું. ચાર નાના ઈંડામાંથી મસ્ત કેસરી રંગની ચાંચ વાળા પીળા રંગના બચ્ચા ઝટપટ બહાર આવ્યા. પછી સૌથી મોટા ઈંડામાં તિરાડમાંથી એક નાની ચાંચ દેખાઈ. ત્યારબાદ ધીરેથી બચ્ચું બહાર આવ્યું. બચ્ચા ને જોઈને મમ્મી બતકને આશ્ચર્ય થયું કારણ કે આ બચ્ચું ભુખરા રંગનું, જુદી ચાંચ વાળું, અને બીજા બચ્ચા કરતા ઘણું મોટું હતું. મમ્મી બતકે વિચાર્યું કે કંઇક ખોટું છે પણ છતાં તે બધા બચ્ચાંઓનું સરખું ધ્યાન રાખતી. હવે છોકરાઓ મોટા થવા લાગ્યા પણ ભૂખરા રંગના બચ્ચાની તેના ભાઈયો મઝાક ઉડાવતા કારણ કે તે જુદો તો દેખાતો જ હતો, પણ તે તરતો પણ અલગ રીતે અને ખાતો પણ અલગ રીતે. આમ ભૂખરું બચ્ચું  એકલું પડી ગયું. એક દિવસે તેણે સાંભળ્યું કે તેમના તળાવમાં સુંદર રાજહંસ સ્થળાંતર કરવા આવ્યા છે. ભૂખરું બચ્ચું પણ તેમને જોવા ગયું તો આશ્ચર્યચકિત થઇ ગયું કારણ કે તે હંસના બાળકો એકદમ તેના જેવા જ દેખાતા હતા! હવે  તેને ખબર પડી કે તે બતક નથી, પણ સુંદર રાજહંસ છે!

**દરેક વ્યક્તિ પોતાની રીતે સુંદર છે**



# ભીમ નો ભ


Bheem had big muscles and was very strong,
He always swung his gadhaa along.
But his biggest muscle was his big heart—
That's what really set him apart.
So grow strong and tall and big like Bheem,
And, just like him, let your heart beam.

VEDINK

# ભીમ અને હનુમાન

પાંચ પાંડવોમાં વાયુપુત્ર ભીમ સૌથી શક્તિશાળી હતા. એક દિવસ તે વનમાં ફરતા હતા ત્યાં રસ્તામાં એક વૃદ્ધ વાનરની પૂંછડી આડી આવી. ભીમે અભિમાનથી કહ્યું, “અરે વાનર! તને ખબર નથી કે હું કોણ છું? તારી પૂંછડી રસ્તામાંથી હટાવ! મને આડી આવે છે.” વાનરે ધીમેથી માથું ઊંચું કરીને કહ્યું, “હું તો વૃદ્ધ વાનર છું અને તમે તો બહુ શક્તિશાળી છો તો મને મદદ કરવા મારી પૂંછડી હટાવશો?” ભીમે અભિમાનથી હસીને કહ્યું, “હું તો મોટા પર્વત પણ ઘડીકમાં હટાવી દઉં, તો વળી આ પૂંછડીની શી વસાત? જુઓ!” એમ કહીને તે નીચો નમ્યો અને પૂંછડી હઠાવવાનો પ્રયત્ન કર્યો પણ તે પૂંછડી જરા પણ ખસેડી શક્યો નહિ. તેને ખૂબ જોર લગાવ્યું તો પણ પૂંછડી હાલી નહિ. આખરે તે થાકી ગયો અને હતાશ થઇ તેણે વાનર ને પૂછ્યું કે, “તમે તો મારા કરતા પણ શક્તિશાળી છો! તમે  કોણ છો?” વાનરે કહ્યું, “હું તમારો મોટો ભાઈ છું. હું પણ વાયુપુત્ર હનુમાન છું.” ભીમ તેમના પગે પડ્યો અને ક્ષમા માંગી. હવે હનુમાન ઉભા થયા અને કહ્યું કે, “ભીમ, તું શક્તિશાળી તો છે, પણ તારી પાસે શક્તિ કોની દેન છે તે ભૂલતો નહિ. ભગવાને તને શક્તિ આપી છે તેથી અભિમાની ના બનતા, નમ્રતાથી શક્તિનો ઉપયોગ બીજાને મદદ કરવા માં વાપર.” ભીમ સમજી ગયો અને હનુમાને નમસ્કાર કર્યા.

**હંમેશા યાદ રાખો કે શક્તિ ભગવાન જ આપે છે**




# મગર નો મ

The crocodile opens wide
And shows off his teeth with lots of pride.
He uses them to snap up fish.
Now show me your teeth if you wish!

# ગજેન્દ્ર મોક્ષ

ગજેન્દ્ર હાથીઓના રાજા હતા. તે રોજ સવારે ઉઠીને નદીમાં સ્નાન કરી કમળ ભગવાન વિષ્ણુને ધરાવતા, ત્યારબાદ તેમનું કામ ચાલુ કરતા. એક દિવસ જ્યારે તે નદીમાં ન્હાવા ગયા, ત્યારે સુંદર જામલી રંગનું કમળ જોયું. “મારા વિષ્ણુ ભગવાનને આ કમળ ગમશે,” આમ વિચારી સૂંઢથી કમળ ચૂંટ્યું, ત્યાંજ અચાનક મગરે તેનો પગ સકંજામાં લીધો. ગજેન્દ્રે ખૂબ કોશિશ કરી પણ મગરની પકડમાંથી પોતાને મુક્ત કરી શક્યા નહિ. કલાકો માથાકૂટ કરી આખરે ગજેન્દ્ર થાકી ગયા છતાં પણ પ્રભુ ને અર્પણ કરવા લીધેલું કમળ પકડી રાખ્યું. અંતે તે પાણીમાં ડૂબવા લાગ્યા ત્યારે તેમણે કમળ ને થોડુંક ઉંચુ કર્યું જાણે કે ભગવાન ને કમળ અર્પણ ન કરતા હોય! અચાનક જ મગર ની પકડ ઢીલી થઈ અને હાથી નો પગ મગર ના મોઢા માંથી છૂટ્યો. જાણે કે ભગવાને ગજેન્દ્ર ને બચાવ્યો! ગજેન્દ્ર ગદગદ થઇ ભગવાન ને પગે લાગ્યો ત્યારે ભગવાને કહ્યું કે, “તું મારો સાચો દીકરો છે. તારી પાસે આટલી મોટી સમસ્યા આવી ત્યારે પ્રથમ પોતાની બધી શક્તિ વાપરીને છૂટવાનો તેં પ્રયત્ન કર્યો અને છેલ્લે પણ મને આપવા નક્કી કરેલું કમળ છોડ્યું નહીં!” થાકેલો ગજેન્દ્ર ભગવાન ની સામે જોઈને હસ્યો અને કમળ તેમના ચરણે ધર્યું.

**ભગવાને આપેલી શક્તિ વાપરીને પ્રાર્થના કરશો તો ભગવાન જરૂર મદદ આપશે**



# યમદેવ નો ય

Yamdev is the God of Death,
Which may sound scary but don't forget-
Someday we all have to die,
We'll leave this world and fly up high
Into Yamdev's pretty home,
Where cakes are plenty and fairies roam.
And when you meet Him, He will smile,
And say, "welcome home my child."

# નચિકેત અને યમદેવ

વાજશ્રવસ સાચા બ્રાહ્મણ હતા. તે ભગવાનનું કામ કરતા હતા. એક દિવસ તેમણે સર્વ દક્ષિણા યજ્ઞ કરવાનું નક્કી કર્યું. પોતાની બધી વસ્તુ દાનમાં અપાઈ ગયા પછી હવે એક પતલી, દુબળી ગાય જ બાકી હતી જે દાનમાં આપી રહ્યા હતા. પુત્ર નચિકેત માનતો કે દાનમાં હંમેશા સારી વસ્તુ જ આપવાની હોય. નચિકેતે વિચાર્યું, “મારા પિતા કદાચ પુત્રમોહથી સંપત્તિ બચાવવા આવી ગાય દાનમાં આપી રહ્યા છે.” તેને ખબર ન હતી કે વાજશ્રવસ પાસે બીજું કશું દાનમાં આપવા માટે બાકી રહ્યું જ ન હતું. નચિકેતે પિતાને પૂછ્યું, “હવે મને કોને દાનમાં આપશો?” વાજશ્રવસે તેને જવાબ ન આપતા નચિકેતે ફરી આ પ્રશ્ન પૂછ્યો તેથી કંટાળીને વાજશ્રવસ કહે, “તો જા! હું તને યમદેવને આપું છું!” આ સાંભળીને નચિકેત ખુશીથી યમદેવ પાસે જવા નીકળ્યો. વાજશ્રવસે તેને રોકવા પ્રયત્ન કર્યો પણ નચિકેતે કહ્યું, “તમે મને યમરાજને આપ્યો છે, દાનમાં આપેલી વસ્તુ પાછી ના લેવાય.” અને તે યમમાર્ગે ચાલવા લાગ્યો. રસ્તામાં તેને બીજા માણસો મળ્યા, જે ભયથી અગતિક થઇ યમદેવ પાસે જતા હતા. પણ તેજસ્વી નચિકેત નિર્ભય હતો અને ગૌરવથી માથું ઊંચું રાખીને યમદેવના ઘરે પહોંચ્યો. તેણે દરવાજો ખટખટાવ્યો. યમદેવની પત્નીએ દરવાજો ખોલ્યો. નચિકેતે કહ્યું, “હું યમદેવને મળવા આવ્યો છું.” પત્નીએ કહ્યું, “એ બહારગામ છે, ત્રણ દિવસ પછી આવશે,” અને દરવાજો બંધ કર્યો. યમને મળવા નચિકેતે ઘરની બહાર ધામા નાખ્યા. ત્રીજા દિવસે યમદેવ આવ્યા. તેમને આશ્ચર્ય થયું કે આવો તેજસ્વી છોકરો તેમના દરવાજે વગર બોલાવે બેઠો છે! યમદેવ ને પછી ખબર પડી કે નચિકેત ત્રણ દિવસથી ખાધાપીધા વગર રાહ જુવે છે. તેમણે પત્નીને સમજાવ્યું, “આપણે આંગણે અતિથિ ભૂખ્યો બેસે તે સારું ના કહેવાય. આપણે મહેમાન નું ધ્યાન રાખવું જોઈતું હતું.”

યમદેવે નચિકેતની માફી માંગી અને કહ્યું, “નચિકેત, તું ત્રણ દિવસ મારે આંગણે હેરાન થયો તેથી મારા કલ્યાણ માટે તું ત્રણ વરદાન માંગ. તું જે માંગીશ તે હું આપીશ!” નચિકેતે જવાબ આપ્યો, “મને કશું નથી જોઈતું.” યમદેવે ખૂબ આગ્રહ કર્યો તો નચિકેતે કહ્યું, “પહેલું વરદાન આપો કે મારા પિતા મારા ઉપર ગુસ્સે ન રહે અને તેમને શાંતિ મળે.” યમ હસીને કહ્યું, “માં-બાપ કોઈ દિવસ દીકરા ઉપર ગુસ્સે ના જ રહે! પણ હા! આવું થશે.” પછી નચિકેતે અગ્નિવિદ્યાનું જ્ઞાન માંગ્યું અને યમદેવે પ્રેમથી નચિકેતને અગ્નિવિદ્યા શીખવાડી. છેલ્લે નચિકેતે આત્મજ્ઞાન માંગ્યું. યમદેવ હવે દ્વિધામાં પડ્યા કારણ કે આત્મજ્ઞાન થી માણસ મૃત્યુ ને ઓળંગી જાય અને યમદેવનું અસ્થિત્વ ભયમાં પડે! તેથી યમે કહ્યું, “તું તો હજુ નાનો છે, બીજું કશુંક માંગ! હું તને ઢગલો પૈસા આપું.” પણ નચિકેત અડગ રહયો. “મને આત્મજ્ઞાન જ જોઈએ.” આખરે યમદેવ માની ગયા અને નચિકેત ને આત્મજ્ઞાન આપ્યું!

**નચિકેત જેવા તેજસ્વી અને નિર્ભય બનો**



# રામદાસ સ્વામી નો ર

He taught us bhakti and taught us love.
Taught us God isn't just in clouds above.
God is in trees and God is in bears.
God's in you and me; He's everywhere.
So just like Ramdas, have some fun,
And give lots of love to everyone!

# રામદાસ સ્વામી

રામદાસ સ્વામી એક દિવસ તેમના શિષ્ય શિવાજી મહારાજને મળવા આવ્યા. શિવાજી મહેલનું બાંધકામ કરાવતા હતા અને હજારો લોકોને તેનાથી રોટી મળતી હતી તેથી ગૌરવથી તેમણે ગુરુ રામદાસને કહ્યું, “જુઓ ગુરુજી! હું બધાનું કેટલું સરસ ધ્યાન રાખું છું!” આ સાંભળીને રામદાસ સ્વામીએ શિવાજીને કહ્યું, “તમને પેલો ગોળ પથ્થર દેખાય છે? તમારા સૈનિકો આ પથ્થર તોડી શકે?” શિવાજીએ તેના સૈનિકોને પથ્થર તોડવાની આજ્ઞા આપી. સૈનિકોએ મહેનત થી પથ્થર તોડ્યો, તો તેની અંદરથી દેડકો કૂદકો મારી બહાર નીકળ્યો! આ જોઈ બધા આશ્ચર્યચકિત થયા! રામદાસ સ્વામીએ શિવજીને પૂછ્યું, “શિવાજી, તમે આ દેડકાનું પણ ધ્યાન રાખતા હશો, કેમ?” શિવાજી સમજી ગયા અને ગુરુને પગે લાગીને કહ્યું, “ભગવાન જ બધાનું ધ્યાન રાખે છે, હું તો માત્ર નિમિત્ત છું!”

**અહંકાર મુક્ત બનો**

Veduk



# લોખંડની કુહાડી નો લ


Iron is strong and iron is tough.
It acts as armor when things get rough.
It becomes swords, axes and much, much more,
So like an iron be strong to your core.
But the strongest of irons get tired too.
So when your iron tires I will still love you.

# લોખંડ ની કુહાડી

એક ગરીબ માણસ રોજ પોતાની કુહાડી લઈને વનમાં લાકડા કાપવા જતો. તે પોતાનું જીવનનિર્વાહ લાકડું વેચીને કરતો. રોજની મેહનત પછી માંડ બે ટંક ખાવાનું મળતું, પણ તે ખુશ રહેતો. એક દિવસ ભૂલથી તેની લોખંડની કુહાડી નદીમાં પડી ગઈ. હવે તેને મૂંઝવણ થઈ કે કુહાડી વગર તે કેવી રીતે પૈસા કમાવશે અને કેવી રીતે તેના પરિવાર નું પાલન કરશે? એ નદી કિનારે બેસીને રડતો હતો ત્યાં સદભાગ્યે એક દેવદૂતે આ રુદન સાંભળ્યું અને તે મદદ કરવા આવ્યો. દેવદૂતે પાણીમાં ડૂબકી લગાવી અને સોનાની કુહાડી લઇ આવ્યો. પણ માણસે કુહાડી લેવાની ના પાડીને કહ્યું કે, “આ મારી કુહાડી નથી!” દેવદૂતે વળી ડૂબકી મારી અને આ વખતે ચાંદીની કુહાડી લઇ આવ્યો. માણસે કહ્યું કે આ પણ તેની કુહાડી નથી. છેવટે દેવદૂત પાછી ડૂબકી મારી અને લોખંડની કુહાડી લઇ આવ્યો. માણસે ખુશ થઇ પોતાની કુહાડી લીધી અને દેવદૂત નો આભાર માની, લાકડા ભેગા કરવા લાગ્યો.

દેવદૂત માણસની પ્રામાણિકતાથી પ્રભાવિત થયો અને પૂછ્યું, “સોનાની અને ચાંદીની કિંમતી કુહાડી તે કેમ ના લીધી?” માણસે કહ્યું, “મફતમાં મળેલી સોનાની કે રૂપાની કુહાડી મારા કામની નથી. હું લોખંડની કુહાડીથી મારું કામ કરી, પરિવારનું પોષણ કરી શકું છું. તો શા માટે મફત નું લેવું?” આમ કહીને તે ઘર તરફ ચાલવા માંડ્યો.

**પ્રમાણિક બની, તમારી પાસે જે છે તેનાથી ખુશ રહો**



# વાંદરા નો વ

Monkeys shout "hoo hoo hee hee"
As they swing from tree to tree.
So just like a monkey jump up high!
Touch your toes then touch the sky!

# વાંદરા અને ટોપીઓ

એક માણસ ટોપી વેચવા ગામમાં જતો હતો. ઉનાળાની ગરમી હતી એટલે બપોરે આરામ કરવા ઝાડની નીચે બેઠો. ટોપી ની થેલી બાજુમાં મૂકી, તે આડો પડ્યો. આ જોઈ તે ઝાડ ઉપર રહેતા અટકચાળા વાનરો ઝટપટ ઝાડ થી નીચે ઉતરી ટોપી લઈ, એકબીજાના માથે ફેંકવા લાગ્યા. વાનરોની કિલકિલાટ સાંભળીને માણસે જોયું તો તેની બધી ટોપીઓ ગાયબ! ટોપીઓ પાછી મેળવવા માણસ તેમની પાછળ ભાગ્યો પણ વાનરો ઝાડ ઉપર ચડી ગયા. માણસે ખૂબ પ્રયત્ન કર્યો પણ ટોપી પાછી ના મળતા ઉદાસ થયો કારણ કે આ તેની આજીવિકા હતી. શું કરવું તે વિચારતા વિચારતા તેણે માથું ખંજવાળ્યું, તો નકલ કરતા વાંદરાઓએ પણ માથું ખંજવાળ્યું. હવે માણસને તુક્કો આવ્યો અને તેણે પોતાની ટોપી જમીન ઉપર ગુસ્સાથી ફેંકી. વાંદરાઓ પણ તેની નકલ કરી ટોપી નીચે ફેંકી. માણસે ઝડપથી તેની ટોપીઓ ઉપાડી અને ત્યાંથી ભાગી નીકળ્યો.

**તમે કુનેહથી સમસ્યાનો ઉકેલ શોધી શકો છો**



# શાલ નો શ

A shawl to keep your shoulders toasty.
A hat to make your head feel cozy.
I'll get you coats and scarfs and gloves,
But most of all I'll give you hugs.
So know that whenever you feel cold,
You'll always have my hand to hold.


VEDIK

# સૂર્ય અને વાયુ

એક દિવસ સૂર્ય અને વાયુ વાત કરતા હતા. વાયુ ગર્વથી કહે કે, “હું તમારા કરતા વધારે શક્તિશાળી છું! મારો પવન દરિયા ને પણ હલાવે છે!” જવાબ માં સૂર્ય માત્ર હસ્યો. ત્યાં વાયુએ એક માણસ રસ્તા ઉપર ચાલતા જોયો. તે લાલરંગની શાલ પહેરીને ચાલતો હતો. વાયુએ કહ્યું, “ચાલો જોઈએ કે આપણા માંથી કોણ આ માણસ ની શાલ ઉતારી શકે છે?” વાયુએ બહુ જોરથી પવન ફૂંક્યો. આજુબાજુના ઝાડ ધ્રુજવા લાગ્યા અને વાતાવરણ ખૂબ ઠંડુ થયું. જેમ જેમ ઠંડક વધતી ગઈ તેમ તેમ માણસ વધારે જોરથી પોતાની શાલને વીંટવા લાગ્યો. અંતે વાયુ થાકી ગયો. પછી સૂર્યનો વારો આવ્યો. તેણે પોતાનું તાપમાન વધારવા માંડ્યું. જેમ જેમ ઉષ્મા વધતી ગઈ તેમ તેમ માણસ ને પરસેવો આવવા માંડ્યો અને આખરે થાકી ને માણસે શાલ ફેંકી દીધી. આમ સૂર્ય શરત જીતી ગયો. પછી સૂર્યએ વાયુને સમજાવ્યું કે માણસને જબરજસ્તી કરી બદલવો અઘરો છે. તેના કરતા તેને પ્રેમ અને હૂંફ આપો તો માનવ તેની મેળે જ બદલાશે!

Vedantu

**સૂર્યની જેમ, તમારી હૂંફ બીજા ને આપો**



# ષટ્કોણ નો ષ

Shapes are made from lots of lines.
Let's practice now with 2 short rhymes.
3 lines make a triangle.
4 lines make squares and rectangles.
5 lines make a pentagon.
And 6 lines make a hexagon!

# સુંદર હાર

એક છોકરી પાસે સુંદર હાર હતો. હારમાં ષટ્કોણ આકારનું મણિ હતું. છોકરીને આ હાર બહુ ગમતો. તે રોજ હાર પહેરીને બહાર જતી અને સાંજે સુતા પહેલા હારને સાફ કરીને, ડબ્બામાં મૂકીને સૂઈ જતી. એક દિવસ છોકરી સવારે ઉઠી તો તેને હારનો ડબ્બો ના દેખાયો. ખૂબ શોધ્યો પણ હારનો ડબ્બો ના મળ્યો તેથી ઉદાસ થઈ, તે રડવા માંડી. તેના પપ્પા તેને બોલાવવા આવ્યા ત્યારે છોકરીને ઓરડામાં બેસી રડતી જોઈ. રડવાનું કારણ ખબર પડતા પપ્પાએ તેને ખોળામાં લઈ સમજાવ્યું કે, “દીકરી, તારો હાર સરસ હતો પણ મને વિચાર આવે છે કે તારાથી વિખુટા પડીને તારો હાર પણ રડતો હશે?” છોકરીએ રડવાનું બંધ કરી, હસીને કહ્યું કે, “પપ્પા હાર કેવી રીતે રડે?” હવે પપ્પાએ સમજાવતા કહ્યું કે, “હાર જો તારા માટે રડતો ના હોય તો તું શા માટે રડે છે? વસ્તુ માટે રડવાનું નહીં. તારા આંસુ બહુ કિંમતી છે!”

**વસ્તુ માટે રડવું નહિ**

Vedlink



# સિંહ નો સ

Sit like a lion and crouch on all fours.
Sing like a lion and let out a roar.
Eat like a lion and chomp chomp chomp.
Run like a lion and stomp stomp stomp!


# સિંહ અને ઉંદર

એક વાર સિંહ શાંતિથી સૂતો હતો, ત્યારે એક ઉંદર તેના ઉપર ચડીને રમવા લાગ્યો. ગલીપચી થવાના કારણે સિંહ જાગી ગયો અને ત્વરાથી સિંહે ઉંદરને પકડી લીધો. ઉંદરે માફી માંગી અને કહ્યું, “તમે મને આજે છોડશો તો હું તમારો ઋણી બનીશ અને એક દિવસ હું તે ઋણ ચૂકવીશ.” સિંહે હસીને કહ્યું, “તું તો કેવી મજાક કરે છે. આવો નાનકડો ઉંદર કેવી રીતે મને મદદ કરશે?” છતાં સિંહે ઉંદરને માફ કર્યો અને તેને જવા દીધો.

થોડા દિવસ પછી સિંહ એક શિકારીની જાળ માં ફસાઈ ગયો. તેણે પોતાને મુક્ત કરવાનો ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ તે જાળી માંથી બહાર નીકળી શક્યો નહિ. ઉંદરે સિંહનું ગર્જન સાંભળ્યું અને દોડતો આવ્યો. ઉંદરે પોતાના તીક્ષ્ણ દાંતથી જાળીને કાતરી નાખી અને સિંહને છોડાવ્યો. સિંહે તે દિવસ થી નક્કી કર્યું કે પ્રાણીના કદથી તેની ક્ષમતા ન મપાય.

Vedlink

**નાનો ઉંદર પણ મોટા સિંહને મદદ કરી શકે છે**



# હાથ નો હ

You have 10 tiny fingers and 2 baby hands
That can do whatever grown up hands can.
They can snap and pinch and scratch and clap.
They can mix and pat and shake and tap.
But most of all I hope they give lots-
Give thanks and help and love and thoughts.
Because though you have two tiny hands,
You can splash big waves and make big plans.


Vedink

# સૌથી સુંદર હાથ

એક પ્રવાસી પાસે હીરાની સુંદર વીંટી હતી. તેને ગામના લોકોને કહ્યું, “મારે આ વીંટી સૌથી સુંદર હાથ વાળી છોકરી ને આપવી છે.” આ સાંભળી ગામની છોકરીઓ ઘરે જઈને, પોતપોતાની રીતે તેમના હાથ સુંદર કરવાનો પ્રયત્ન કરવા લાગી. કોઈએ સુગંધિત ફૂલ તેના હાથ પર ઘસ્યું તો, વળી કોઈએ મહેંદી લગાવી, તો કોઈ મલાઈ ની માલિશ કરી હાથને મુલાયમ કરવાનો પ્રયત્ન કર્યો.

આ ગામમાં એક ગરીબ કુટુંબ રહેતું હતું. તેમની મોટી દીકરી હંમેશા તેના માં-બાપ ને ખેતરમાં મદદ કરતી. માએ તેને આજે ખેતરમાં કામ કરવાની ના પાડી અને કહ્યું કે બીજી બધી છોકરીઓની માફક તું પણ તારા હાથની માવજત કર. ડાહ્યી દીકરી કહે, “એવું તો કેમ બને કે મારા માં-બાપ આટલી મહેનત કરે અને હું શરીર ના ઠઠ્ઠા કરતી ઘરે બેસું?” બીજા દિવસે પ્રવાસીએ બધી છોકરી ના હાથ જોયા પણ તે પ્રભાવિત ન થયા. છેવટે તેણે પૂછ્યું, “શું ગામની બધી છોકરીઓ અહીંયા આવી ગઈ?” ત્યારે જવાબ મળ્યો કે એક છોકરી આવી નથી કારણકે તે ખેતરમાં કામ કરે છે. પ્રવાસી સામે ચાલીને ખેતરમાં ગયો અને છોકરી ને કહ્યું, “તારા હાથ બતાવીશ?” છોકરી તેના કપાળનો પરસેવો લૂછીને માટીવાળા હાથ બતાવ્યા. પ્રવાસીએ કહ્યું, “આ હાથ ઉપર કણી પડેલી છે, પણ આ જ સૌથી સુંદર હાથ છે!” આ કહીને પ્રવાસીએ તે વીંટી છોકરી ને આપી.

**મહેનત થી ઘસાઈને સુંદર બનો**




# વાદળ નો વ

Some days you'll see clouds up high,
Graying up your bright, blue sky.
And with those clouds will come some rain,
Some hurt, some sad, some cries, some pain.
But after clouds and rain comes bright rainbows.
Through darkness you will surely grow.

# સફેદ અને કાળો વાદળ

સફેદ વાદળ સુંદર હતુ પણ તેને પોતાના રૂપનું ખૂબ અભિમાન હતુ. તેને સમાચાર મળ્યા કે ભગવાનના દરબારમાં એક જગ્યા ખાલી પડી છે. આ જગ્યા લેવા માટે આતુર થઇ ઝડપથી આકાશમાં તે ઊંચે જવા લાગ્યો, ત્યારે રસ્તામાં એક કાળો વાદળ પૃથ્વી તરફ નીચે જતા દેખાયો. તેણે હસીને કહ્યું, "તું શુ કરે છે? સ્વર્ગ તરફ જવાને બદલે કેમ નીચે જાય છે?" પણ નાના કાળા વાદળનું ધ્યાન તો જમીન ઉપરના તરસ્યા પ્રાણિયોં ઉપર હતું તેથી તેણે ના સાંભળ્યું. "ચાલ એક હરીફ ઓછો!" કહી ખુશ થતા સફેદ વાદળ સ્વર્ગનાં દરવાજા સુધી પહોંચ્યો પણ ચોકીદારે વાદળને રોકીને કહ્યું કે, "તારે રાહ જોવી પડશે કારણ કે હવે સ્વર્ગમાં જગ્યા નથી." સફેદ વાદળે જોયું તો પેલો નાનો કાળો વાદળ સ્વર્ગમાં રમતો હતો! સફેદ વાદળ વિસ્મિત થઈ ને કહ્યું, "અરે આ કાળો વાદળ કેવી રીતે મારી આગળ અહીં પહોંચ્યો?" ચોકીદાર સમજાવ્યું કે કાળુ વાદળ એનું બધું પાણી તરસ્યા પ્રાણિયોં ને આપવા જમીન ઉપર ગયેલો તેથી અમે તેને સોનિક વિમાન મોકલી અહીં બોલાવ્યો. ભગવાન પાસે જવું હોય તો તેના નિમિત્ત બનવું પડે. સફેદ વાદળ સમજી ગયો અને ખુશ થતો પૃથ્વી તરફ પાછો વળ્યો અને નક્કી કર્યું કે હું પણ ભગવાનનું કામ કરીને, તેમનો હાથો બની બધાને મદદ કરીશ અને જયારે ભગવાન બોલાવશે ત્યારે અહીં પાછો આવીશ.

**ભગવાન નજીક જવું હોય તો નિમિત્ત બનવું પડે.**



# ક્ષત્રિય નો ક્ષ

Stop your crying. You're no worrier.
You are brave. You're a mighty warrior!
With God as your shield and your smarts as your sword,
You can slay any dragon. Stomp past any door.
So when you see dragons and lions and more,
Stand up and fight. Jump up and roar!

# અર્જુન અને ચકલી

દ્રોણાચાર્ય ક્ષત્રિય રાજપરિવારના શિક્ષક હતા. એક દિવસ તેમણે બધા કૌરવો અને પાંડવો ને ભેગા કર્યા અને કહ્યું કે, “આ ઝાડ માં એક લાકડાની ચકલી છે. તમે બધા એક પછી એક આવીને તેની આંખમાં બાણ મારવાનો પ્રયત્ન કરો.” કૌરવો પહેલા ગયા. દુર્યોધન નિશાન સાધવા, ધનુષ્ય પકડીને તૈયાર થયો. દ્રોણે તેને રોકાયો અને પૂછ્યું, “તને શું દેખાય છે?” દુર્યોધને કહ્યું, “મને વન દેખાય છે, જેમાં ઝાડ છે, અને તેના ઉપર ચકલી બેઠી છે!” દ્રોણાચાર્યે તેને ધનુષ્ય ઉપર બાણ સંધાન કરવાની ના પાડી અને કહ્યું, “તું હમણાં રાહ જો.” એક પછી એક કૌરવો અને પાંડવો આવ્યા અને બધાને દ્રોણાચાર્યે આજ સવાલ પૂછ્યો કે, “તમને શું દેખાય છે?” અને બધાનાં આવા જ જવાબ સાંભળીને ગુરુએ તેમને નિશાન સાધતા રોકાયા. છેવટે અર્જુનનો વારો આવ્યો. ગુરુ દ્રોણે પાછો સવાલ પૂછ્યો કે તને શું દેખાય છે? અર્જુને કહ્યું, “મને ફક્ત ચકલી ની આંખ દેખાય છે.” દ્રોણાચાર્યે ખુશ થતા અર્જુનને નિશાન લેવાની આજ્ઞા આપી અને કહ્યું, “શાબાશ, બાણ છોડ!” અને અર્જુન નું તીર સરરરર કરતાં સીધું ચકલી ની આંખમાં અટક્યું. દ્રોણાચાર્યએ સમજાવ્યું કે હંમેશા કામ એકાગ્ર થઈને કરો, તો ચોક્કસ તમે વિજયી થશો.

**એકાગ્ર થઈ કામ કરશો તો વિજયી થશો**



# યજ્ઞ નો જ્ઞ

The fire burns throughout the day
Reminding us that we should pray
To be beautiful just like a flower,
And, like a flame, to wield great power.
To be sweet like sugar and flow like ghee;
To grow for others, just like a tree.

# બ્રાહ્મણ પરિવારનો યજ્ઞ

એક ગામમાં ગરીબ બ્રાહ્મણ પોતાના કુટુંબ સાથે રહેતો હતો. તેના કુટુંબમાં પત્ની, પુત્ર અને પુત્રવધુ હતા. ઘણાં દિવસથી તેમને ખાવા મળ્યું ન હતું, તેથી તે બધા ભૂખ્યા હતા. નસીબજોગે આ દિવસે બ્રાહ્મણને ખોબો ભરીને અનાજ મળ્યું, તેથી તે ખુશ થતા ઘરે આવ્યો અને પત્નીને અનાજ રાંધવા કહ્યું. જ્યારે રસોઈ તૈયાર થઇ તો બ્રાહ્મણે વિચાર્યું, “આજે બધાને પેટ ભરીને જમવા મળશે.” કુટુંબ જમવા બેઠું, ત્યાંજ કોઈએ દરવાજો ખટખટાવ્યો. બ્રાહ્મણે દરવાજો ખોલ્યો અને જોયું કે એક અજાણ્યો મુસાફર ઉભો હતો. બ્રાહ્મણે પોતાની થાળી મુસાફરને આપી જમવા બેસાડ્યો. મુસાફર આખી થાળી ક્ષણભરમાં સફાચટ કરી પણ તેની આંખો માં હજી ભૂખ દેખાતી હતી. આ જોઈ બ્રાહ્મણ પરિવારે એક પછી એક, પોતાના ભાગનું ખાવાનું અતિથિને આપ્યું. આખરે મુસાફર તૃપ્ત થયો. આમ આજે પણ પરિવારને ભૂખ્યા રહેવું પડ્યું પણ કોઈના મોઢા પર અફસોસ ન હતો કારણ કે અજાણ્યો માણસ સંતોષથી જમીને તૃપ્ત થઈને ગયો હતો. તે રાત્રે બ્રાહ્મણના ઘરમાં એક નોળિયો આવ્યો અને તે આમ-તેમ આળોટતો હતો ત્યારે, તેના શરીરનો જે ભાગ જમીનને સ્પર્શ્યો તે ભાગ સોનાનો થઇ ગયો. આ જોઈને ડાહ્યા માણસે કહ્યું કે, “બ્રાહ્મણ! તમે અને તમારા પરિવારે આજે મોટું યજ્ઞ કર્યું છે! જયારે તમારી પાસે ઘણું હોય, ત્યારે આપવાનું સહેલું છે, પણ ઓછું હોય ત્યારે પણ તમે બધું જ અજાણ્યા મુસાફર ને આપ્યું, તે જ સૌથી મોટો યજ્ઞ કહેવાય.”

**સાચા યજ્ઞ માટે બલિદાન ની જરૂર હોય છે**

ક ખ ગ ઘ ઙ

ચ છ જ ઝ ઞ

ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન

પ ફ બ ભ મ

ય ર લ વ શ

ષ સ હ ળ ક્ષ જ્ઞ

અ આ ઇ ઈ ઉ ઊ

ઋ એ ઐ ઓ ઔ અં અઃ

Vedlink